## હરિની દ્ષ્ટિ... - હરિન ભટ્ટ




ગુજરાતી પાસેથી શીખો... ખેતી કરી ટેકાનાં ભાવ માટે આંદોલન કરવા કરતા... સીધી નોકરી મેળવવા જ આંદોલન કરાય ને...??

# શહેરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો

### છાવણીએ આગેવાનો-કાર્યકરોએ ધરણા યોજી સુત્રોચ્ચાર કર્યા : ૫૦ આગેવાનો-કાર્યકરોની અટકાયત : ખેડૂતો પર ભાજપ સરકારના દમનનો વિરોધ કયો

ગાંધીનગર, તા. ૯ ખેડૂત વિરોધી નીતિઓને કારણે કફોડી હાલતમાં મુકાયેલા ખેડૂતો આત્મહત્યાનો માર્ગ અપનાવવા લાગ્યા છે. તો કેટલાક ખેડૂતો આંદોલનનો માર્ગ અપનાવી રહ્યા છે. મધ્યપ્રદેશમાં થયેલા ખેડૂત દમન અને મહારાષ્ટ્રમાં ચાર ખેડૂતોના આપઘાતના મામલે કોંગ્રેસ દ્વારા ધરણા યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. ગાંધીનગર સે. ૬ ખાતે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજીને સુત્રોચ્ચાર કર્યા બાદ ગાંધીનગર કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોએ મૃત્યુ પામેલા ખેડૂતો માટે બે મિનિટનુ મૌન પાળ્યુ હતુ. પોલીસે વિરોધ પ્રદર્શન કરનાર ૫૦ જેટલા કોંગ્રેસી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.







અખીલ ભારતીય કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી મધ્યપ્રદેશમાં પોલીસ દમનમાં મૃત્યુ પામનારા ખેડૂતોના પરિવારજનોને મળવા ગયા ત્યારે ભાજપ સરકારના ઈસારે રાહુલ ગાંધીની અટકાયત કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં થયેલા ખેડૂત દમન અને મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ખેડૂતોએ કરેલી આત્મહત્યાના વિરોધમાં ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા આજે સવારે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજીને ભારે સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. તે ઉપરાંત બે મિનિટનું મૌન પાળીને એમ.પી.માં પોલીસ દમનમાં માર્યા ગયેલા ખેડૂતોને શ્રદ્ધાંજલી અર્પી હતી. ધરણા સ્થળેથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલ, ધારાસભ્ય બળદેવજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશીક શાહ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા, ધનજીભાઈ પરમાર સહિત ૫૦ જેટલા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી ડીએસપી ઓફીસ સે. ૨૮ લઈ જવાયા હતા.

## પ્રવેશોત્સવની સાથે સાથે

● આજે ગુડાના ચેરમેન આશિષ દવે અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ પ્રવેશોત્સવમાં સાથોસાથ રહ્યા હતા. ભાજપ-કોંગ્રેસથી પર ઉઠી આ બે ચેરમેનોએ બાળકોને હોંશેહોંશે ભણાવ્યા પણ હતા.

● પ્રવેશોત્સવમાં ગયેલા ગુડાના ચેરમેન આશિષ દવેએ બાળકોને શિહોલી મોટી અને ચેખલારાણીમાં શિંગની ચીકી વહેંચી હતી.

● બાલવા ખાતે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ વૃક્ષારોપણ કરી વૃક્ષનુ જીવનમાં મહત્વ વિશે ખુબજ સરળ ભાષામાં બાળકોને સમજણ આપી હતી.

● માણસા તાલુકાના ધોળાકુવામાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મધ્યાહન ભોજન યોજનાનુ ભોજન બાળકો સાથે લીધુ હતુ.

● પિયજ ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારીએ પણ વૃક્ષનું મહત્વ સમજાવી જળસંચયની યોજનાઓ પર પણ ભાર મુક્યો હતો.

● ગાંધીનગર તાલુકાના કુડાસણ ખાતે ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનુ લોકાર્પણ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ કર્યુ હતું.

# શિહોલી મોટીમાં બંને ચેરમેનોના રાજકીય વાકયુદ્ધ બાદ શિક્ષક બની બાળકોને ભણાવ્યુ

### આશિષ દવેએ ધો. ૪-૫માં ગણિત તો ગીતાબેન પટેલે ધો. ૬-૭માં બાળકોને ભણાવ્યા

ગાંધીનગર, તા. ૯ ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા ત્રિદિવસીય પ્રવેશોત્સવના



આજે બીજા દિવસે ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ અને ગુડાના ચેરમેન આશિષ દવેએ શિક્ષક બની અને બાળકોને હોંશથી ભણાવ્યા હતા.

પ્રવેશોત્સવની ઔપચારિક વિધિ સંપન્ન થયા બાદ આ બન્ને ચેરમેનોએ શિક્ષક બની બાળકોને ભણાવતાં શિક્ષકો પણ ચોંકી ઉઠ્યા હતા.

શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે ધો. ૬ અને ૭ના બાળકોને ભણાવ્યુ હતુ તો આશિષ દવેએ ધો. ૪ અને ૫ના બાળકોને ગણિત ભણાવી ગણિત ગમ્મત માણી હતી. તેમણે આજે બાળકોને જે હોંશથી ભણાવ્યા હતા તે પૂર્વે પ્રવેશોત્સવના પ્રસંગે યોજાયેલા પ્રવચનમાં રાજકીય આક્ષેપબાજી કરી અને રાજકીય લાભ ઉઠાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. જો કે બન્ને સારા વક્તા હોવાથી બરાબરીમાં રાજકીય મુકાબલો સંપન્ન ક્ષણિકવારમાં જ થઈ ગયો હતો.

આ પછી બન્ને ચેરમેનોએ બાળકોને જે હોંશથી ભણાવ્યા તેનાથી બાળકોમાં પણ ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી.

આ અગાઉ તેમણે ચેખલારાણી ખાતે પ્રવેશોત્સવમાં હાજરી આપી હતી.

શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે યોગ શિક્ષકોની જગ્યા ઉભી કરવામાં આવે તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. તો આશિષ દવેએ વળતો પ્રહાર કરતા કહ્યુ કે અમે વર્ગખંડો માંગ્યા હતા તોય નહોતા મળતા અમે ખાડા પૂરી રહ્યા છીએ હવે શિક્ષકોની માંગણીને પણ સહાનુભૂતિથી સકારાત્મક રીતે વિચારીશુ.

# સિવિલ હોસ્પિટલ નવી પણ, સિવિલ સર્જનના નામના પાટીયા બે વર્ષ જુના

### પૂર્વ સિવિલ સર્જન પ્રમોશન મેળવી આરોગ્યમાં ઉચ્ચ હોદા પર બિરાજમાન છે, છતા ગાંધીનગર સિવિલમાં તેમનું જ નામ ચાલે છે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેટલાક સ્થળો પર હજુ પૂર્વ સિવિલ સર્જનના નામના પાટીયા લટકી રહ્યા છે. જયારે આ સિવિલ સર્જન તો પ્રમોશન મેળવી આરોગ્ય વિભાગમાં ઉચ્ચ હોદા પર બિરાજમાન છે. અત્યારે હાલના સમયે સિવિલ સર્જનની જગ્યા ચાર્જમાં ચાલે છે. ત્યારે વહીવટીતંત્રને પૂર્વ સર્જનના પાટીયા બદલવાનો પણ સમય મળ્યો નથી તેમ લાગી રહ્યું છે. હોસ્પિટલમાં એમસીઆઈનું ઈન્સ્પેકશ આવે ત્યારે આખાને આખા વોર્ડ ઉભા થઈ જાય છે ત્યારે આ જુના લખાણના પાટીયા પર કોઈનું ધ્યાન ગયું નથી કે લઈ જવા માંગતા નથી.કારણ કે જુના સિવિલ સર્જન હોસ્પિટલના વર્ગ-૧ અધિકારીથી લઈને વર્ગ-૪ ના કર્મચારીઓમાં આગવું સ્થાન ધરાવતા હતા. જેથી એમ કહી શકાય કે હજુ પણ હોસ્પિટલના કર્મચારીઓમાં વર્ષો વિત્યા છતા પૂર્વ સિવિલ સર્જન કર્મચારીઓના દિલમાં ઘર કરી ગયા છે કે શુ..? તેથી સાહેબના નામવાળુ પાટીયું કોઈ કર્મચારીઓ નીકાળવાના મુડમાં હોય તેમ લાગતું નથી. ગાંધીનગર હોસ્પિટલમાં જે તે અધિકારીને બઢતી કે બદલી થાય ત્યારબાદ નવી નિમણુંક પામેલા અધિકારીની નેઈમ પ્લેટ લાગી જતી હોય છે. ત્યારબાદ જે તે કમિટીના બોર્ડમાં પણ નામ લાગેલ હોય ત્યાં સુધારા વધારા થઈ જતા હોય છે. પરંતુ અત્યારે હાલના સમયે પણ સિવિલ સર્જન તરીકે ડો. બિપિન નાયક કાર્યરત છે તો તેમની નેઈમ પ્લેટ ઓફિસ આગળ લાગેલી છે. પરંતુ હોસ્પિટલના કેટલાક સ્થળો પર લાગેલા બોર્ડમાં હજુ સુધી પૂર્વ જ સિવિલ સર્જનનું નામ લખેલા પાટીયા લટકી રહ્યા છે. ત્યારે આ જુના પાટીયા કાઢીને નવા સર્જનના નામના પાટીયા ક્યારે લાગશે. ત્યારે વહીવટી તંત્રની ભુલને કારણે ઓફિસ બહાર અને સિવિલમાં અન્ય જગ્યાએ અલગ નામ હોવાથી મુલાકાતીઓમાં પણ હાસ્ય રેલાય છે.

# માણસાના રાજપુરને વ્યસનમુક્ત બનાવવા કલેકટરે સૌને પ્રતિજ્ઞા લેવડાવી

ગાંધીનગર, તા. ૯

માણસા તાલુકાના રાજપુર ગામને વ્યસનમુક્ત, પ્લાસ્ટીકમુક્ત અને સ્વચ્છ હરિયાળુ ગામ બનાવવા પર આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે ભાર મુકી વ્યસનમુક્તિ અભિયાન માટે ગ્રામજનોને શપથ લેવડાવ્યા હતા.

શાળા પ્રવેશોત્સવમાં ભાગ લેવા પહોંચેલા જિલ્લા કલેક્ટર સતીષ પટેલે ગ્રામજનોને વ્યસનમુક્તિનો સંદેશ આપી અને વ્યસનોનો ત્યાગ કરી સ્વસ્થ જીવન જીવવા માટે હાકલ કરી હતી. તેમણે સ્વચ્છતા અભિયાન પર વિશેષ ભાર મુકી અને ગામ સ્વચ્છ બને તેમજ વ્યસનમુક્ત બની એક આદર્શ ગામ તરીકે જિલ્લામાં ઉભરી આવે તેવો આગ્રહ રાખ્યો હતો.

ગામના સરપંચનો ત્રણ મહિનામાં વ્યસનમુક્ત ગામ અને તે દિશામાં કામગીરી થાય અને ગ્રામજનોને પણ સરપંચને પુરતો સહયોગ આપવા અપીલ કરી હતી.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સ્વચ્છતા અભિયાનના દ્ષ્ટાંતો પણ ટાંક્યા હતા. તેમણે વ્યસન કરી ગંદકી ફેલાવતા લોકો ગામને નુકશાન અને તેમની જાતને નુકશાન કરી રહ્યા છે તેમ કહ્યુ હતુ. આજે યોજાયેલ આ પ્રવેશોત્સવમાં તેમની સાથે નાયબ જિલ્લા પ્રા.શિ. અધિકારી કિરણબેન પટેલ તથા શિક્ષણના અન્ય અધિકારીઓ પણ હાજર હતા. તેમણે બાળકોને શિક્ષણ એ જીવનની પ્રગતિનો માર્ગ હોવાનુ જણાવ્યુ હતુ.

# માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સાયન્સ ટેક વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૨૩ સ્થિત માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ દ્વારા પાંચ દિવસીય સાયન્સ ટેક વર્કશોપ યોજવામાં આવ્યો છે. આ વર્કશોપમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કોઓર્ડીનેટર હાર્દિક મકવાણા, રામ મોહન ભદોરિયા, ડૉ. સુમિત વ્યાસ વગેરે દ્વારા રોકોરી મોડેલ, એરો મોડેલીંગ તથા બાયોટેકનોલોજી અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

વર્કશોપમાં જે.જે. પંડ્યા, દિપકભાઈ, કે.કે. પટેલ અને કૌશલ જાની દ્વારા હેમ રેડિયો તથા રોબોટિક્સની કાર્યપદ્ધતિનું ડેમોસ્ટ્રેશન અપાયું હતું.

# છાલા ગામે યોજાયેલ સેવાસેતુમાં પાંચ હજાર અરજીઓનો નિકાલ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકાના છાલા ગામ ખાતે આજ રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં પાંચ હજારથી વધુ અરજીઓનો હકારાત્મક નિકાલ થયો છે.

આજ રોજ સવારના ૯ કલાકથી છાલા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમનો આરંભ થયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં દોલારાણાવાસણા, દશેલા, ધણપ, લેકાવાડા, નવાઘરમપુર, સાદરા, જાખોરા, રાજપુર, ચેખાલારાણી, માધવગઢ અને ચંદ્રાલા ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમની મુલાકાત કલેક્ટર શ્રી સતીશ પટેલે લીધી હતી. સેવાસેતુ કાર્યક્રમની સુવિધાની બારીકાઈથી નિરક્ષણ કર્યુ હતુ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીનગર મામલતદાર શ્રી એ.કે.જોષી, નાયબ મામલતદાર શ્રી એમ.ડી.પટેલ અને ગોહિલ સહિત તેમના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે છાલા ગામના સરપંચ શ્રી મણિભાઈ પટેલ, ચંદ્રાલાના સરપંચ શ્રી વિનુભાઈ પટેલ, ગિયોડ ગામના સરપંચ કોલીબેન પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.




## ઔષધિય વનસ્પતિનો ઉછેર

તાલુકાના ડભોડા મહિલા ભિક્ષુક ગૃહ ખાતે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આયુર્વેદિક વિભાગ દ્વારા ઔષધિય વનસ્પતિના અરડુશી, પાનકુટી, પારીજાત, બોરસલી, નગોડના રોપાનું વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિલોડા હોમિયોપેથી દવાખાનાના ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ તથા અન્ય વૃક્ષપ્રેમીઓ વૃક્ષારોપણમાં ભાગ લઈ વધુને વધુ ગ્રામ્યકક્ષાએ ઔષધિય વનસ્પતિનું ઘર આંગણે ઉછેર થાય તેવા ઉમદા આશય સાથે સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.**
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેરાત ક્રમાંક : ૯/૨૦૧૭-૧૮
**રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર ફીઝીબીલીટી કમ ડી.પી.આર.**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) પાત્રતા ધરાવતી રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય ઈજનેરી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ તરફથી શક્યતાદર્શી અહેવાલ સહ ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ નીચેના કામ માટે તૈયાર કરવા માટે મંગાવે છે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | રસ્તાની લંબાઈ (કી.મી.) | ડોક્યુમેન્ટની કિંમત (રૂા.) |
|---|---|---|---|
| ૧. | ચિખલી - સાપુતારા હીલ (હીલ રોડ) | ૪૦ | ૫૦૦૦ |

રસ ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ / જોઈન્ટ વેન્ચર આર.એફ.પી. ડૉક્યુમેન્ટ www.gsrdc.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે વેબસાઈટ www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી છે.

**ઈ.ઓ.આઈ. માટે અનુસૂચિ :**

| | | |
|---|---|---|
| ૧. | ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ / સમય | તા. ૧૬/૬/૨૦૧૭ થી ૭/૭/૨૦૧૭ |
| ૨. | ડોક્યુમેન્ટની કિંમત | ઉપર મુજબ પ્રતિ એક ડૉક્યુમેન્ટ માટે ડી.ડી.ના સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે નોન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે. ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર. વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ |
| ૩. | સબમીશન કરવાની પદ્ધતિ | ઈ-ટેન્ડરીંગ www.gsrdc.nprocure.com |
| ૪. | પ્રિ-એપ્લીકેશન મીટીંગ | ૨૩/૬૨૦૧૭ |
| ૫. | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ / સમય | ૮/૭/૨૦૧૭, ૧૭:૦૦ કલાક સુધી |
| ૬. | પ્રિ-ક્વૉલીફીકેશન બીડ ખોલવાની તારીખ (ઓનલાઈન) | ૮/૭/૨૦૧૭, ૧૭:૩૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજુ કરવાની તારીખ / ટાઈમ | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે. તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૧૦/૭/૨૦૧૭ થી ૧૭/૭/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે ૧૧:૦૦ થી ૬:૦૦ કલાક સુધીમાં આર. પી. એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. નિયત સમયથી પહેલા / પછી અન્ય કોઈપણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી. જી.એસ.આર.ડી.સી. ખાતે સ્વીકારવામાં આવશે નહીં. તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે. |

**જનરલ મેનેજર (પ્રો.)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫ ● ફેક્સ નં., Email : gsrdcl@gmail.com
માહિતી/૭૧૦/૧૭-૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in